# <u>સફળતા કેટલી જરૂરી?</u>

સફળતા એટલે દરેક માનવીનું સપનું. દિવસ-રાત બસ તેની પાછળની દોડ. થાકવું પરંતુ કઈંક મેળવીને અને મળ્યા બાદ એ ક્ષણિક આનંદ એટલે સફળતા. આપણાં જીવનમાં સફળતાનું મહત્વ કેટલું છે? અને કયા એવા માપદંડો સફળતાનો પાયો નક્કી કરે છે. ચાલો આજે સફળતાના માપદંડો અને તેના વિષેની વાસ્તવિકતા તથા તેના વિષેની માન્યતાઓ માટે ચર્ચા કરી લઈએ.

૧) સફળતા – માત્ર મફતમાં મળેલી ચિંતા

આપણા સમાજમાં સફળતા વિષે એવી માન્યતા છે કે માત્ર ખૂબ જ પૈસા કમાવવા, નામ કમાવવું, ખૂબ ડિગ્રીઓ ભણવી અને માત્ર ખૂબ પ્રોપર્ટી હોવી એટલે કે માનવીનું જીવન સફળ. પરંતુ આ જ ચિંતામાં માણસનું જીવન ખર્ચાઈ જાય છે ને જે પૈસા માટે આખો દિવસની મહેનત કરતું શરીર માત્ર થોડાં ક્ષણના આનંદ માટે લતોનો ગુલામ બનતું જાય. તો વાસ્તવિક જીવનમાં સફળતા શું છે? માત્ર વૈભવતા તો બહારની દુનિયા માટે અને લોકો સામે પુરવાર થવા માટે હોય છે. પરંતુ ખરી સફળતા તો મનનો આનંદ અને કઈંક મેળવ્યા બાદ કોઇકના માટે કઈંક કરી છૂટવાનું કર્મ. આ સાથે આપની આવડતનો વિકાસ. અત્યારના સમયમાં માત્ર ડિગ્રીઓ મેળવીને નોકરી કરવીનું પ્રાધાન્ય વધ્યું અને માટે જ જે દેશમાં ૮૫ ટકા થી વધુ લોકો એક સમયે આત્મનિર્ભર હતા તે હવે નોકરી કરતાં થયાં અને જ્યાં ૧૫ ટકા લોકો નોકરી કરતાં તે હવે આત્મનિર્ભર બન્યા. સફળતા બીજા માટે નથી હોતી પરંતુ પોતાના જીવનનો આત્મસંતોષ એટલે જ સફળતા.

૨) પોતાની આવડત અને જુસ્સો એ જ સફળતા

અત્યારનો સમયમાં એક ઘેટું બીજા ઘેટાને અનુસરે તેમ આપણે સૌ એકબીજાની દેખાદેખીને જ અનુસરી છે. ઓહ! તેણે આ કર્યું મારે પણ કરવું અને બસ આ જ હોડમાં બધા જ બાળકોને એક સરખું જ્ઞાન અને એક સરખી તાલીમ આપવાની સંસ્થાઓ દર ચાર રસ્તે ખૂલી ગઈ. ભણશે નહીં તો કોઈ કેમ સ્વીકારશે અને માત્ર બધા જ ડોક્ટર અને એન્જિનિયર બને તેની લ્હાયમાં દરેક માનવીને આપવામાં આવેલી અનન્ય આવડત અને જુસ્સાને દબાવી દેવામાં આવી. કારણ "કમાઈશ શું?" માત્ર પૈસા કામવાનું મહત્વ એટલું વધ્યું કે ના ગમતી નોકરી એટલે કરવી પડી કારણ કે પૈસા મળે છે. અને ના ગમતા કર્મની હતાશા સાથે જીવતા પરંતુ લાકડા જેવા આપણે સૌ આનંદની શોધ ચાર બાય ચારની સ્ક્રીનમાં શોધીએ છીએ. શું આ સાચી સફળતા છે?

૩) સાચી આવડતને વિકસવાની હિંમત

કહેવાય છે કે જે પોતાની મદદ કરે છે ઈશ્વર તેની મદદ ચોક્કસ કરે છે. પરંતુ આ કહેવત હવે ક્યાંક ખોટી પડતી જણાય છે. કારણ કે હવેના માનવીને હું શું મેળવી લઉં ની એટલી ઘેલછા છે કે

પોતાની આવડતને વિકસાવવાની હિંમત નથી રહી. ગમે તેવી તકલીફ આવે પરંતુ મારી આવડતને હું વિકસવીને રહીશ જેવા અડગ નિર્ણયો હવેનો માનવી નથી લઈ શકતો. અને માત્ર એકબીજાની પાછળની આંધળી દોટ તેને ચિંતન અને મનનથી દૂર કરી દીધી છે. એટલો અહંકાર છે કે સત્યથી વિમુખ જાણે કે આંખ આડા કાન જ કરવા માટે જ જીવન જીવતા હોય તેવું લાગે અને પાછું પોતાના જ વિચારોને અને ઇન્દ્રિયોને આપેલી છૂટ તેના આધ્યાત્મિક જીવનથી અળગી જ કરી દીધી. એટલી હિંમત નથી રહી કે જે આવડત છે તેને વિકસવીશું એ રીતે કઈંક તો રળી જ લેવાશે પરંતુ ના, તેના માટેની આશા જ ક્યાંક મરી ગઈ અને ઉપરથી પોતાને પુરવાર કરવા લીધેલી પારવાર નકારાત્મક વિચારધારા. સફળતા એ હોય જે તમને આધ્યાત્મિક બનાવે, વિનમ્ર બનાવે અને બીજાના દુખને સમજવાની શક્તિ આપે. છે આપના આ હિંમત કે તમે તેને વિકસાવી શકો?

૪) નિષ્ફળતાનો સ્વીકાર એ જ સફળતા

હમણાં હમણાં ઘણાં લોકોને મળી. અને મળ્યા બાદ તેમના જીવનની નકારત્મકતા એટલી કે માત્ર સફળ થવું જ દુનિયા હોય. કોઇની સામે કેમ રડાય. માત્ર હસવું જ જીવન છે ભલેને એ પછી કેટલું પણ ખોટું હોય. સફળતા પહેલાં નિષ્ફળતા એક પાઠ છે. અને આ પાઠ દરેક માનવીના જીવનમાં ઓછા કે વત્તા પ્રમાણમાં આવતો જ હોય છે. પરંતુ જ્યાં નિષ્ફળતા આવે છે ત્યાં જ પ્રશ્ન આવે છે, “કેમ હું જ?” અને બસ પછી શરૂ થાય છે મનનો જંજાવાત. “શા માટે મારી સાથે જ એવું બન્યું કેમ બીજા સાથે નહીં?” અને પોતાને બીજાની સાથેની સરખામણી કરવામાં જ જે નિષ્ફળતાથી સફળતા તરફ જઇ શકે છે તે દરવાજા જાતે જ બંધ કરી દઈએ છે. નિષ્ફળતાનો જો સ્વીકાર કરશો તો જ સફળતા સમજાશે. પરંતુ કેમ હું ના પ્રશ્નનો જવાબ માત્ર એ જ છે કે તમે તમારાં હેતુ સુધી હજુ નથી પોંહચી શકયા અને માટે બનતા દરેક પ્રકરણ તમને મજબૂત કરે છે. સ્વીકાર માત્ર જ તમારી સફળતા છે.

સફળ થવાની ચાવી.

- પોતાની આવડતને શોધો.
- આપ કોને અનુસરો છો? અને કેમ?
- હિંમતવાન બનો માત્ર પૈસા જ સર્વસ્વ નથી પરંતુ સરળ જીવન અને ઉચ્ચ વિચાર જીવન છે.
- નિષ્ફળ એ નથી જે હારે છે પરંતુ હાર્યા બાદ ઊભો નથી થતો.
- પર્વત જેવા અડગ બનો અને વૃક્ષ જેવા નમણાં.
- ધ્યેય ઊંચો રાખો અને વિચાર સકારાત્મક.
- આશા જીવંત છે અને માટે જ પોતાનો આત્મવિશ્વાસ જ ભગવાન છે.

આમ તો મારાં લેખનમાં લખવા માટે ઘની વિગતો છે પરંતુ તમારાં સમયની કદર કરતાં આ લેખનો પૂર્ણવિરામ મૂકું છે. વધુ માહિતી માટે આપ ચોક્કસ જ મને લખી શકો છો.. info@purvangishukla.com. નમસ્કાર.